# સૌથી ઓછો વરસાદ જિલ્લાના ગાંધીનગર તાલુકામાં નોંધાયો

**ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો; દહેગામમાં વીજળી પડતાં એક ભેંસનું મોત થયું**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ જતાં તંત્રએ રાહત અનુભવી છે. છેલ્લા ચોવીસ કલાકમાં જિલ્લામાં સીઝનનો પાંચ ટકા વરસાદ માત્ર ૧૧મીએ સવારે ૬ વાગે પુરા થતા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં હવે ગાંધીનગર તાલુકો એક માત્ર એવો તાલુકો છે જ્યાં વાવણીલાયક વરસાદ એટલે કે ૧૨૫ મી.મી. કરતાં પણ ઓછો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં દહેગામ તાલુકામાં સિઝનના ૭૯૦ મી.મી.ની સરેરાશ સામે ૧૬૩ મી.મી. વરસાદ, ગાંધીનગરમાં ૭૧૧ મી.મી.ની સરેરાશ સામે ૭૮ મી.મી., કલોલમાં ૭૮૪ મી.મી.ની સરેરાશ સામે ૧૩૩ મી.મી. અને માણસામોં ૭૯૨ મી.મી.ની સામે ૧૨૮ મી.મી. ૧૧મીની સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં ચોમાસાની સિઝનના ૭૨૦ મી.મી.ની સરેરાશ સામે આજ સુધીમાં ૧૨૬ મી.મી. અર્થાત ટકાવારીમાં જોઈએ તો ૧૬.૫૨ ટકા વરસાદ નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં આજે સવારે ૬ થી સાંજના ૮ સુધીમાં માણસામાં ૪૫ મી.મી., કલોલમાં ૧૮ મી.મી. અને ગાંધીનગરમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

દરમ્યાન દહેગામમાં ગઈકાલે રાત્રે વરસાદ દરમ્યાન કરોલી ગામે વીજળી પડવાની ઘટનાથી ધનજીભાઈ બી. વણઝારાની ભેંસનું મૃત્યુ થયું છે. જિલ્લામાં વીજળી પડવાથી અત્યાર સુધીમાં ૪ પશુના મોત નીપજ્યા છે જે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર



મન મોર બની થનગાટ કરે... ચોમાસાની આહલાદક ઋતુમાં મન તો મોર બનીને થનગાટ કરે જ છે પરંતુ શહેરમાં આવેલા અસંખ્ય મોર પણ ખુશખુશાલ બની ગયા છે. દિવસ દરમ્યાન પડતો ઝરમર વરસાદ મોરને ખુબ ગમી રહ્યો છે. મોરના ટહુકાથી જાણે આખુ શહેર ગુંજી ઉઠ્યુ છે. સચિવાલયની પાછળ આવેલા જંગલ વિસ્તારમાં તો જાણે મોરનો કબ્જો હોય તેમ વહેલી સવારે અને સાંજે અહીં કળા કરતા અસંખ્ય મોર જોવા મળી જાય છે.

**સરકારી આવાસોમાં રીપેરીંગ બાદ**

# ઉભી થતી ફરિયાદો નિવારવા અધિકારીઓ સુપરવિઝન કરશે

**આવાસોના રીનોવેશન બાદ ટુંકા ગાળામાં જ ઉઠતી ફરિયાદો સંદર્ભે ઉચ્ચ અધિકારીઓ હરકતમાં આવ્યા**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. જયારે જુના આવાસોને તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. ત્યારે નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં જરૂર જણાંય તેવા બ્લોકનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવે છે. પરંતુ આવાસોમાં રીનોવેશનની કામગીરી બાદ ઉદભવતી ફરિયાદોનુ નિરાકરણ ન આવતા રહીશોમાં રોષ પ્રબળ બન્યો છે. આ સ્થિતિને નિવારવા માટે સુપરવિઝન કરવા તેમજ કામની જવાબદારી નક્કી કરવા માટે નિર્ણય લેવાયો છે. સતત ઉઠતી ફરિયાદોના લીધે વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ હરકતમાં આવી ગયા છે.

શહેરના સરકારી આવાસો પૈકી કેટલાક મકાનોમાં રીનોવેશનની કામગીરી પણ કરવામાં આવે છે. જેમાં રીનોવેશનના કે સમારકામના અંતે પણ કામગીરીમાં ગુણવત્તા જળવાતી ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જેના લીધે પ્લાસ્ટર અને ટાઈલ્સો ઉખડી જવા સહીત ધાબામાંથી પાણી લીકેજીસ સહીતની સમસ્યાઓથી પણ રહીશો તોબા પોકારી જાય છે આ મામલે ઉચ્ચ કક્ષાએ ફરિયાદે પહોંચી છે. જેના લીધે વિભાગના અધિકારીઓ પણ દોડતા થઈ ગયા છે. સેકટરોની ઈન્કવાયરી કચેરીનો સ્ટાફ અને અધિકારીઓ પણ આ મામલે યોગ્ય સુપરવિઝન કરવાના બદલે આંખ આડા કાન

● અનુસંધાન પાન-૭ પર

# મોદીએ મુખ્યમંત્રી સાથે વાત કરીને આપી મદદની ખાતરી

**રાજ્યમાં ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીને એનડીઆરએફ સહિત તમામ જરૂરી મદદ કરવાની ખાતરી આપી છે**

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં સતત વરસી રહેલા વરસાદને કારણે સ્થિતિ મુશ્કેલ બની રહી છે. રાજ્યમાં હજુ પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયમાં અનેક જગ્યાએ ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોના ઘરોમાં પાણી ભરાયા છે. તો રસ્તાઓનું ધોવાણ થતાં કેટલાક ગામડાઓ સાથે સંપર્ક તૂટી ગયો છે. અમદાવાદમાં જ રવિવારે મોડી રાત સુધી ભારે વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ફોન પર વાત કરી તમામ માહિતી મેળવી છે.

ગુજરાતમાં સતત વરસી રહેલા વરસાદને કારણે સ્થિતિ વિકટ બની રહી છે. રાજ્યમાં પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલય તરફથી આપવામાં આવેલી વિગત પ્રમાણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી વરસાદ અંગે તમામ માહિતી મેલવી છે. પીએમ મોદીએ મુખ્યમંત્રીને એનડીઆરએફ સહિત તમામ જરૂરી મદદ કરવાની ખાતરી આપી છે.

હવામાન વિભાગની માહિતી પ્રમાણે ૧૧ જુલાઈએ દક્ષિણ ગુજરાતના છોડાઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આ સિવાય સુરત, તાપી, ભરૂચ, વડોદરા, દમણ, દાદરા નગર હવેલી, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વલસાડ, મહિસાગર, સાબરકાંઠા, મહેસાણા, તો સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદરમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ગિફ્ટસીટી ખાતે ૧૫મીએ આવતા પ્રધાનમંત્રી મોદી

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૧૫મીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

વડાપ્રધાન મોદી ૧૫મીએ સવારે દિલ્હીથી આવશે અને સીધા સાબરકાંઠા જશે જ્યાં સાબરડેરીના વિવિધ પ્રોજેકટોનું લોકાર્પણ અને ખાતવિધિ કાર્યક્રમમાં હાજરી આપી દૂધ ઉત્પાદકોને સંબોધશે.

આ પછી તેઓ ગાંધીનગર આવશે અને ગાંધીનગર નજીક તેમની ડ્રીમ સીટી ગિફ્ટ સીટીના કાર્યક્રમમાં હાજરી આપશે. ગિફ્ટસીટી બાદ રાજભવન આવી તેઓ દિલ્હી જશે.

પ્રધાનમંત્રીના આ સૂચિત પ્રવાસને આખરી ઓપ આપવા સાથે વિવિધ તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગર અમદાવાદ રૂટમાં હવે ઈ બસ સેવાનો પ્રારંભ : નવી ૬ બસો ફાળવાઈ

**ગાંધીનગર અમદાવાદના મુખ્ય પીકઅપ પોઇન્ટ કૃષ્ણનગર, ઠક્કરનગર ઇન્દિરાબ્રિજ, પાલડી, અડાલજ ઘ માર્ગ પથિકાશ્રમ અને સે-૨૮ અને ૨૯ના રૂટ પર ઇ બસ દોડશે : મુસાફરોને સુવિધાયુકત અને પ્રદુષણમુક્ત બસસેવા ઉપલબ્ધ થશે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર એસ ટી ડેપોને નવી ૬ ઈલેકટ્રીક બસો ફાળવવામાં આવી છે. છેલ્લા ઘણાં સમયથી ડેપોને નવી બસો આપવા માટે વિચારણા ચાલી રહી હતી. જયારે આજે ડેપોને નવી બસો ફાળવી દેવાતા ગાંધીનગર અમદાવાદ સરખેજ અને કૃષ્ણનગર રૂટમાં આ બસો દોડાવાશે જયારે આગામી સમયમાં વધુ ૨૦ જેટલી ઈ બસો પણ ફાળવવામાં આવશે. ઈ બસ સેવાનો વ્યાપ ધીમે ધીમે વધતા પ્રદુષણ મુક્ત પરિવહન સેવા ઉપલબ્ધ થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે હવે ઈ બસ સેવાનો પ્રારંભ થઈ ગયો છે. આજે સે-૨૨ પંચદેવ મંદિરથી મેયર હીતેશ મકવાણાએ બસને લીલીઝંડી આપી હતી. આ તબક્કે ડે મ્યુનિ કમિશ્નર ડો પારૂલ માનસાતા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ,



શહેર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, , મહામંત્રી કનુભાઈ દેસાઈ સહીતના આગેવાનોએ હાજરી આપી હતી. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૧૦ વર્ષના સમયગાળા માટે ૫૦ ઈલેકટ્રોનિક બસ ફાળવવામાં આવી છે. જયારે આ પૈકી ૩૦ ઈલેકટ્રોનિક બસ ચલાવાનુ આયોજન કરાયુ છે. હાલ પુરતી કોર્પોરેશને ૬ બસો ફાળવવામાં આવી છે. જયારે ગાંધીનગર ડેપો કક્ષાએથી આ ઈ બસ સેવાના રૂટનુ સંચાલન કરવામાં આવશે. જયારે આ ૬ ઈલેકટ્રીક બસો ગાંધીનગર અમદાવાદના મુખ્ય પીક અપ

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના વિસ્તર્યો : ગાંધીનગરમાં ૩૦ કેસ

**શહેરમાં નવા ૨૧ અને ગ્રામ્યમાં ૯ કેસ નોંધાયા : સે. ૧ માં ૪ કેસ, સે. ૧૨, ૨, સરગાસણમાં ૩-૩ કેસ, આઈઆઈટીમાં ૨ કેસ ઉપરાંત સે. ૭, ૮, ૧૪, રાંદેસણ, કોટેશ્વર, રાયસણમાંથી કેસો મળ્યા : ગાંધીનગર-માણસામાં ૧-૧ કેસ, દહેગામમાં ૨ કેસ અને કલોલમાં ૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો વ્યાપ વિસ્તરી રહ્યો છે અને લોકલ ટ્રાન્સમિશનને લઈ કેસોમાં થઈ રહેલ વધ-ઘટે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૧ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ નવ કેસ નોંધાયા છે. ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. કોરોનાનો પોઝીટીવીટી રેટ પણ ૩ થી ૩.૫૦ ટકા વચ્ચે સ્થિર થયો છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનને કારણે કેસોની સંખ્યામાં થઈ રહેલ વધ-ઘટે તંત્રની ચિંતા અને દોડધામ વધારી દીધી છે. શહેર-જિલ્લામાં મહિલા, બાળકો તેમજ મોટી વયના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવાની સાથે સાથે હવે પરિવારો ઝપેટમાં આવી રહ્યાની વિગતોથી તંત્ર સતર્ક બન્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનામાં રોજ નવા વિસ્તારોમાં તેનો વ્યાપ વિસ્તરી રહ્યો છે. તંત્રએ સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે ટ્રેકીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટની નીતિ પર કાર્યવાહી હાથ ધરવા ઉપરાંત સર્વેલન્સ પણ સઘન કરવા પર ભાર મુક્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ નવ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૨, ગાંધીનગરમાં અને માણસામાં ૧-૧ તેમજ કલોલમાં ૫ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૬૦ થી વધુ વય ધરાવતા ૩ દર્દીઓ છે, તો ટીનેજર્સ દર્દી છે.

જિલ્લાના દહેગામ તાલુકાના નાદોલ અને સાણોદા ગામેથી, ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામેથી તેમજ માણસાના સોજા ગામેથી એક કેસ મળેલ છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નારદીપુરમાંથી ૨ અને ડીંગુચા ગામે આજે વધુ ૩ કેસ નોંધાયા છે. ડીંગુડામાં કેસો વધી રહ્યા હોવાથી તંત્ર પણ ચોંક્યુ છે.

જિલ્લામાં આજે સાત દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૯૯ પર પહોંચી છે. તંત્રએ ૬ હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓ દ્વારા આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય છે કે નહિ તેનુ સઘન મોનીટરીંગ કરવા માટેની સૂચનાઓ આપી છે.

તંત્રએ હોમ આઈસોલેટ કરાયેલા લોકોમાં શંકાસ્પદ લક્ષણો જણાય તો પણ તાત્કાલિક ટેસ્ટીંગ કરવા જણાવ્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૧ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાં ૮ મહિલા દર્દી તેમજ ૬૦ થી વધુ વય ધરાવતા ૪ દર્દી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૧માં ૪, સે. ૧૨ અને ૨ માં તેમજ સરગાસણમાં ૩-૩ કેસ, આઆઈટીમાં ૨ કેસ ઉપરાંત સે. ૭, ૮, ૧૪, રાંદેસણ, કોટેશ્વર, રાયસણમાં ૧-૧ કેસ નોંધાયેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ જેટલા કેસ પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવ્યાથી સંક્રમિત થયાનું પ્રાથમિક તપાસમાં જણાતાં તંત્ર ચોંક્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓ કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી પરંતુ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ માં પરિવાર સંક્રમિત થયાનુ જણાયુ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૬૦ પર પહોંચી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે સઘન સર્વેલન્સ અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા સૂચનાઓ આપી છે.

**તંત્રની સંવેદનશીલતા, તત્પરતા અને સંકલ્પે**

# માત્ર ૩ માસની આયુ ધરાવતા બાળકને આધાર કાર્ડ આપ્યુ

**બાળક છેલ્લા બે મહિનાથી હૃદયની ગંભીર બિમારીને લઈ યુ.એન. મહેતામાં વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે**



ગાંધીનગર, તા. ૧૧

૩ માસની આયુ ધરાવતુ બાળક જે હાલ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે તેને પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ મળે અને તે માટે જરૂરી એવુ આધારકાર્ડ મળે તે માટે જિલ્લાની મહિલા-બાળ વિકાસ શાખાની ટીમ આધાર કાર્ડ માટે યુ.એન. મહેતા હોસ્પિટલ પહોંચી સંવેદનશીલતા દાખવી તેને સો...સો સલામ કરવી જ પડે.

કલોલની લીલી તળાવની આંગણવાડી વિસ્તારની લાભાર્થી મહિલાનું બાળક છેલ્લા બે માસથી યુ.એન. મહેતામાં હૃદયની ગંભીર બિમારીથી સારવાર હેઠળ હોવાનું ધ્યાને આવતાં જ પ્રોગ્રામ ઓફિસર મીનળબા વાળાએ આધાર કન્સલટન્ટ કેના પટેલ સાથે પરામર્શ કરી ૦ થી ૫ વર્ષના બાળકોને આધાર કાર્ડ આપવા અંગેની સરકારની ઝુંબેશ અંતર્ગત આ બાળક સુધી પહોંચવાનો સંકલ્પ લીધો.

મૂળ હરિયાણાનો આ પરિવાર ખાનગી નોકરી કરે અને ભાડાના મકાનમાં રહે છે તેવી પ્રાથમિક વિગતો સાથે સુશ્રી કેના પટેલ અને તેમની ટીમ આ માટે સંવેદના અને સંકલ્પ સાથે પ્રોગ્રામ ઓફિસરની મંજૂરી સાથે આધારકાર્ડની કીટ લઈ યુ.એન. મહેતા હોસ્પિટલ પહોંચી હતી.

હોસ્પિટલના સત્તાવાળાઓએ આ અંગે તો પહેલા ઈન્કાર કરી દીધો પણ ટીમે હાર ના માની તેમણે પ્રોગ્રામ ઓફિસર સાથે અને પછી મહિલા બાળ વિકાસના કમિશનર સહિતના અધિકારીઓ સાથે સત્તાવાળાઓ સાથે ટેલિફોનિક વાત કરાવી.

હોસ્પિટલના સત્તાવાળાઓએ મંજૂરી આપી પણ શરત મુકી કે પી.પી.ઈ. કીટ પહેરવી પડશે. આ પછી પી.પી.ઈ. કીટ ટીમના સભ્યોએ પહેરી ત્યાં યુ.આઈ.ડી. એજન્સીમાંથી પ્રશ્નો આવ્યા કે આવા ફોટોગ્રાફ્સ આધારકાર્ડ માટે ના ચાલે. પાછો નવો પ્રશ્ન સાંભળતા ટીમ માટે નવી મુશ્કેલી ઉભી થઈ કન્સલટન્ટ કેના પટેલે યુઆઈડીના અધિકારીઓને ખાત્રી આપી કે બાળક સાજુ થઈ ગયા પછી પરત ઘરે ફરશે ત્યારે તેનો ફોટો રજુ કરી પુનઃ આધારકાર્ડ સુધારવા મોકલી આપીશુ. તંત્ર તૈયાર થયુ.

બાળકનું આધારકાર્ડ પી.પી.ઈ. કીટ સાથે તેનો ફોટો લઈ અને સિવિલની પારી પર જ બેસી અને બનાવી તેના પરિવારજનોને આપ્યુ.

તંત્રે દાખવેલી આ સંવેદનશીલતા અને તત્પરતાને સો...સો સલામ.

જિલ્લામાં ૦ થી ૫ વર્ષના બાળકોના આધાર કાર્ડ માટે તંત્રની ટીમ કેયા મોડમાં તેની કામગીરી કરી રહી છે. પ્રોગ્રામ ઓફિસર મીનળબા વાળા, કેના પટેલ અને ટીમને અભિનંદન. આ આધારકાર્ડથી પરિવારને આયુષ્યમાન કાર્ડ તેમજ રેશન કાર્ડની યોજનાનો પણ લાભ થશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ગાંધીનગર જીઇબીના વિજમથકને**

# ટ્રીટેડ વોટર સપ્લાય કરવાની માંગણી લાંબા સમયથી પડતર

**પાટનગર યોજના વિભાગ કક્ષાએથી એક એમ એલ ડી વધુ પાણી સપ્લાય કરવાનુ પણ મુશ્કેલ હોવાનો સુર**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના વિજ મથકને શુધ્ધ કરાયેલુ પાણી સપ્લાય કરવા માટે પાટનગર યોજના વિભાગ સમક્ષ રજુઆત કરવામાં આવી છે. જેના લીધે આ જગ્યાએ વિજ ઉત્પાદન માટે પીવાના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે તંત્ર કક્ષાએથી એક એમ એલ ડી પાણીનો સપ્લાય પણ આપી શકાય તેમ ન હોવાનુ પણ જણાવી દેવાયુ છે.

પાટનગર યોજના વિભાગ કક્ષાએથી જી ઈ બી કોલોનીના રહેણાંક વિસ્તાર માટે પીવાલાયક વધારાનુ પાણી સપ્લાય કરવા માટે સરકારે હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. પાવર સ્ટેશનના ઈનજેરોની રજુઆતના અંતે પોર્ટેબલ વોટરનો સપ્લાય વધારવા માટે પણ તંત્રએ સંમતિ દાખવી હતી. જયારે પાવર સ્ટેશનમાં વિજ ઉત્પાદન કરવા માટે પણ પીવાનુ પાણી જ ઉપયોગમાં લેવાઈ રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે ગટરનુ પાણી શુધ્ધ કરી પહોંચતુ કરવાની યોજના સાકાર થઈ નથી. જેના લીધે પીવાના પાણીનો બચાવ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com